## જન્મદિને વધામણી



જિતેન્દ્રકુમાર પુરોહિત
પત્રકાર, સહમંત્રી
ગાંધીનગર તાલુકા પેન્શનર
મંડળ અને પ્રચાર મંત્રી
જિલ્લા પેન્શનર મંડળ
મો. ૯૪૨૯૫ ૪૪૯૪૯



અલકેશ સુખડીયા
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૫



કેતુલ ભાવેશકુમાર રાજવંશી
મો. ૮૨૩૮૦ ૪૨૨૩૨



હેમાંગી રસિકભાઈ ઠાકોર
મો. ૭૩૮૩૯ ૫૭૦૩૩

**નમ્ર વિનંતી**
આપના જન્મદિવસના ફોટા અને વિગતો અગાઉના દિવસે બપોરે ૨.૦૦ કલાક પહેલા પહોંચતા કરવા વિનંતી.

# સરકારી વિજ્ઞાન કૉલેજના પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન







૨૨/૧/૧૭ ને રવિવારના રોજ સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડો કે. જી છાયાની અધ્યક્ષતામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું હતુ. જેમાં લગભગ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઘણાં વર્ષો પછી તેઓ માતૃસંસ્થામાં પ્રવેશ્યા બાદ આંનદ અનુભવતા હતા. તેઓ પોતાના જુના સંસ્મરણો વાગોળતા જોવા મળ્યા હતા. જુના મિત્રો અને અધ્યાપકોને મળી હર્ષોલ્લાસની લાગણી અનુભવતા હતા.

આ સમગ્ર કાર્યક્રમમાં આચાર્યશ્રી દ્વારા કોલેજમા ૯૦% જેટલો સ્ટાફ ડૉક્ટરેટ ડિગ્રી ધરાવે છે અને સંશોધનમાં હજુ કાર્યરત છે. કોલેજનો વિદ્યાર્થી કોલેજમાંથી ગયા બાદ સંસ્થાનું નામ રોશન કરે છે, તે જાણીને ખુબ આનંદ થાય છે તેમ જાણાવ્યું હતું. આવનાર વર્ષો દરમ્યાન વિદ્યાર્થીઓ તેમની રૂચિ અનુસાર વિષય પંસદગી કરી શકે તેવી સુવિધા પ્રાપ્ત કરાવાનો પ્રયત્ન રહેશે. વિદ્યાર્થીઓ સંશોધન ક્ષેત્રમાં વધુ સંખ્યામાં જોડાય તે માટે વેકેશન દરમ્યાન બ્રીજ કોર્ષ શરૂ કરવામાં આવશે. તેઓ ઉદ્યોગ સાથે જોડાયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંસ્થાના હાલના વિદ્યાર્થીઓ સાથે મેળાપ કરાવી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને નોકરીની તક મળે તે માટે સુચન કર્યુ હતુ. આગામી સમયમાં મલ્ટીડિસીપ્લનરી વિષયમાં અભ્યાસ અને સ્થાનિક જરૂરિયાત મુજબના વિષયો અભ્યાસક્રમમાં સામેલ કરવા વિદ્યાર્થીઓનું નેટવર્ક ઉભું કરવા પરસ્પર મદદરૂપ થાય તેમજ કાર્યશૈલીમાં ભારતીયતાનો પરિચય મળે તેવી વ્યવસ્થા ઉભી કરવાનો રોડમેપ આચાર્ય ડો કે. જી છાયા તરફથી પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પરસ્પર સહકારથી વિદ્યાર્થીઓને તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવા વચન આપ્યું હતું. આ દિવસે ભૂતપૂર્વ વિધાર્થી અને કોલેજ વચ્ચે એમઓયુ થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. પ્રજ્ઞાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. શીતલબેન વ્યાસ અને **alumni association**ના ચૅરમેન ડો આર એન મારૂએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

# શ્રી પી કે ચૌધરી આર્ટ્સ કૉલેજમાં કવિ હર્ષદ ત્રિવેદીનું વ્યાખ્યાન




ગાંધીનગર, તા. ૨૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ગુજરાતી વિભાગ દ્વારા જાણીતા કવિ હર્ષદ ત્રિવેદીનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

હર્ષદ ત્રિવેદીનું શાબ્દિક સ્વાગત પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ કર્યું હતું ને એમનો પરિચય ડૉ. લીના સ્વાદિયાએ આપ્યો હતો. કવિએ પોતાના કાવ્યસંગ્રહ અને પોતાની કવિ તરીકેની યાત્રાનો પરિચય તથા કૃતિનો પરિચય પણ રસાળ શૈલમાં આપ્યો હતો. તેમણે ગીત, ગઝલ જેવા કાવ્ય પ્રકારનો પરિચય પમ ાપ્યો હતો અને પોતાની કાવ્યકૃતિઓનું પઠન કરીનો વિદ્યાર્થીઓને ડોલાવ્યા હતા.

કાર્યક્રમના અંત ભાગમાં આભારવિધિ પ્રૉ. મુન્નાબેન ચૌધરીએ કરી હતી. ૩૦૦થી વધુ વિદ્યાર્થીનીઓએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન ડૉ. લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા

# કલાકુંભ અંતર્ગત તૈયાર થયેલાં ચિત્રોનું પ્રદર્શન-વેચાણ આજથી

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત કલાકુંભ અંતર્ગત તૈયાર થયેલાં ચિત્રોનું પ્રદર્શન ૨૪ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી દરમિયાન સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યું છે. તારીખ પાંચમી જાન્યુઆરીથી નવમી જાન્યુઆરી દરમિયાન કલાકુંભ : ૨૦૧૬-૧૭ અંતર્ગત રંગોળી, કૅનવાસ પેઈન્ટિંગ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતુ, જેમાં સંસ્થા સંચાલિત સઘળી શાળા-કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ આયોજનને વધારે સફળ બનાવવા તેમજ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે તમામ ચિત્રોનું પ્રદર્શન અને વેચાણ કડી કૅમ્પસના પીટીસી હૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શનનું ઉદ્ઘાટન ૨૪ જાન્યુઆરી ને મંગળવારના રોજ સવારે ૧૦ કલાકે થઈ રહ્યું છે, જેમાં લલિતકલા અકાદમીના પૂર્વ સચિવ અને ખ્યાત ચિત્રકાર રમેશભાઈ પરમાર ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહેશે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા સારુ આ પ્રદર્શન નિહાળવા, પસંદગીનાં ચિત્રો ખરીદવા માટે સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા કલાપ્રેમી નાગરિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર,તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું આયોજન મંડળના સૅક્ટર-૨૩ કૅમ્પસ ખાતે કરવામાં આવ્યું છે.

શ્રી જે બી પ્રાથમિક શાળા અને ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ (બીસીએ)ના સંયુક્ત ઉપક્રમે ૨૬મી જાન્યુારીના રોજ સવારે ૭.૪૫ કલાકે આયોજિત આ ઉજવણી દરમિયાન પ્રભાવતી ભરતકુમાર પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ, કડીનાં દાતા પ્રભાવતીબોન ભરતકુમાર પટેલ ધ્વજવંદન ફરકાવશે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ આ પ્રસંગે ઉદ્બોધન આપશે.

## ડાયરેક્ટ ❤ સે

મમ્મી,
તુંય દીકરી થઈને જન્મી'તી
એ વાત કેમ ભૂલી?
તારા પેટને
મારી કબર બનાવી
નારી ધરમ કેમ ભૂલી?
-રમણલાલ શ્રીમાળી

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કૉફી વિથ ડી
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી હિન્દી)
૩.૪૫, ૫.૪૫, ૧૦.૧૫
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી અંગ્રેજી)
૮.૦૦

**સ્ક્રીન-૪**
ધ ફૂ (હિન્દી)
૧.૦૦, ૧૦.૦૦
ધ ફૂ (અંગ્રેજી)
૫.૪૫
ઓકે જાનુ
૩.૧૫
હરામખોર
૮.૦૦

**સ્ક્રીન-૫**
કૉફી વિથ ડી
સવારે ૧૦.૦૦
ઓકે જાનુ
૬.૪૫
દંગલ
૩.૩૦

# ખુદથી જ ખોજાય ખુશીઓના ખજાના



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ખુશ રહેવાનો દરેકનો દ્રષ્ટીકોણ અલગ અલગ હોય છે. જિંદગી 'પરફેક્ટ' નહી પણ ખુશ હોવી જોઈએ. જીવનમાં આનંદ અને ઉત્સાહના ફુવારા ઉડવા જોઈએ. ખુશી બધુ સમુસુથરું હોય એ નથી. ખુશી તો 'પરફેક્શન'ની પેલે પાર જોવાની શક્તિમાં છે.

સરખામણીના બધા દ્વાર ચપોચપ બંધ થાય ત્યાર પછી જ ખુશીઓના ખજાનાના દ્વાર ખુલતા હોય છે. શું ગુમાવ્યું એના કરતાં શું મેળવ્યું એના ઉપર ધ્યાન રહે તો ખુશી મળે. ઘણા લોકો મોટી સફળતામાં પણ ખુશ નથી થઈ શકતા. જ્યારે કેટલાક લોકોને નાની અમથી વાતમાં પણ આસમાન જેટલી ખુશી મળી જતી હોય છે. જીવનનો પ્રત્યેક દિવસ અનેક નવી 'ખુશી' અનેક નવા 'અરમાન' સાથે ઉગે છે. આપણી ખુશીની પસંદગી આપણે પોતે કરવાની હોય છે. ખુશીની પસંદગીના પેરામીટર સ્વયં નક્કી કરવા જોઈએ. દુઃખી થવાના કારણો કરતાં ખુશ રહેવાના કારણોને તપાસતા રહેવું પડે. ખુશી મનની મોજમાંથી અને હૃદયની હુંફમાંથી પ્રગટતી હોય છે.

પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામના સલામતી સ્ટાફના એક અધિકારીએ બ્રહ્મવિહારી સ્વામીને સરસ વાત કરી. એની વિડીયો ક્લીપ વાયરલ થઈ છે. આ અધિકારીને એક પ્રાઈવેટ એરલાઈન્સે ઊંચા પગારની પાયલોટની જોબ ઓફર કરી. કલામ સાહેબના પ્રેમ અને સદભાવના કારણે આ અધિકારીને કલામ સાહેબને આ વાત કહેવાની હિંમત નહોતી ચાલતી કે, મારે રાષ્ટ્રપતિભવનની આ નોકરી છોડી પાયલોટની બીજી નોકરી કરવી છે. કલામ સાહેબને આ વાતની ખબર પડી. તેમણે આ અધિકારીને બોલાવીને ખૂબ સાહજિકતાથી કહ્યું મારે પણ રાષ્ટ્રપતિભવન છોડવું છે. અને હું ઈચ્છુ છું કે, જ્યારે હું રાષ્ટ્રપતિભવન છોડું અને પ્રાઈવેટ એરલાઈન્સના વિમાનમાં બેસું ત્યારે એ વિમાનના પાયલોટ તમે હોવ. પેલો અધિકારી એક મિનિટમાં જ હળવો ફુલ અને ખુશખુશાલ પણ થઈ ગયો. અન્યને આનંદ આપવાના માર્ગે ખુશીઓની શીતળ લહેરોનો અનુભવ થતો હોય છે. સૌથી મોટી ખુશી બીજાને આપણા દ્વારા મળતી શાતા અને આનંદમાં આપણી ખુશીઓનો સાચો અર્થ મળતો હોય છે. જ્યારે કોઈના મોઢા ઉપર આવેલા સ્મિત અને આનંદનું કારણ તમે બન્યા હોવ એનાથી રૂપકડી કોઇ ક્ષણ હોતી નથી.

ખુશી એ તો એક સફર છે. એ કોઈ અંતિમ પડાવ કે લક્ષ્ય નથી. જીવનની પ્રત્યેક પળના પૈડા ફરતા જાય અને એમાંથી નવા અનુભવો મળતા જાય. પોતાની દ્રષ્ટિ અને દ્રષ્ટિકોણથી ખુશી મળે અને એનાથી જ જીવન ભર્યુ ભર્યુ બને છે. હારેલાનું સ્મિત પ્રતિસ્પર્ધકની જીતનારના વિજયની કિંમત કોડીની કરી નાખે છે. હારમાં પણ આનંદ અને ખુશ રહેવાનું હુનર આવડી જાય તો પછી માત્ર જીત જ છે.

મન-હૃદયના ઉંડાણમાંથી નિષ્પન થતો આનંદ અજબની ચેતના આપતો હોય છે. ગીત ગાવ તો એવી રીતે મુક્ત મને ગાવ કે કોઈ તમને સાંભળતું જ નથી. આંખો મીંચીને ગાવ પછી જુઓ આ ગીતમાં કેવા મઝાના લય અને સુર મળે છે. નૃત્ય કરો તો એવી રીતે કરો કે તમને કોઈ જોતું નથી, ક્યારે તરછોડાવાના નથી એમ સમજપૂર્વક પ્રકૃતિના તમામ પાસાને પ્રેમ કરો. ખુશીના આ બધા સરળ માર્ગો ઉપર ચાલી તો જુઓ ! પૃથ્વી જ સ્વર્ગ છે એમ સમજીને જીવવામાં મોજ છે.


સમરાંગણ કે રમતમાં હારેલો ફરી પાછો ક્યારેક વિજયી બની શકે પરંતુ પોતાના મનથી હારેલો, મનમાં દુઃખોના પહાડ ઊભા કરીને જીવનારો ક્યારેય ખુશ રહી શકતો નથી. જીવનમાં ખુશ રહેવાના બે આસાન માર્ગો છે જે ગમે છે એ કામ કરો અથવા પાસે છે એને ગમતું કરો. ખુશી મેળવવા ફાંફા મારનાર કરતા ખુશીઓ વહેંચનાર સદાય ખુશ હોય છે. બગીચામાં ઉગતા પ્રત્યેક ફુલોની અલગ અલગ તાસીર હોય છે, ભિન્ન ભિન્ન સુગંધ હોય છે. ફુલનું સૌંદર્ય અને સુગંધ એની આગવી ઓળખ છે. દરેકનો ખીલવાનો અને હસવાનો આગવો અંદાજ હોય છે. ગુલાબ કોઈ દિવસ મોગરાની સુવાસની સાથે સરખામણી ક્યાં કરે છે ? કે પછે ચંપો ક્યા ચમેલીની સુવાસથી જલે છે? એટલે જ બગીચાના તમામ પુષ્પો સદાય ખુશ અને આનંદીત લાગતા હોય છે. ભગવતીકુમાર શર્માએ એક મખમલી શેરમાં પુષ્પના પમરાટની ખુશીને મસ્ત રીતે ઉજાગર કરી છે 'લ્યો, વરસાદ આવ્યો અચાનક મળસ્કે, સુગંધોનું ઉઘડ્યું છે પુસ્તક મળસ્કે.'

જે અંતઃકરણપૂર્વક ગમતું હોય એ કામ કરવામાં હૃદયમાંથી ઉત્સાહ થતો હોય છે. ગમતું કામ કરતાં હૃદયના ઉંડાણમાંથી સારું લાગે. કહેવાય છે ને કે, જો તમારો શોખ જ તમારો પ્રોફેશન હોય તો તમને કોઈ દિવસ કામ ઉપર જાવ છો એવું ફીલ જ નહીં થાય. તમને કામ કરતા મોજ વધુ લાગશે અને કાર્યને ચાર છંદ લાગશે એ નફામાં. ખુશી મેળવવા માટે હરહંમેશ એક બાળકની જેમ જિજ્ઞાસુ બનવુ જોઈએ.

બાળકને કોઈપણ નવી બાબત માટે પ્રશ્નો પુછી પુછીને જાણકારી મેળવવાનો આનંદ હોય છે. મોટપણ આપણામાના બાળકના સદગુણોને છીનવી લે છે. જિજ્ઞાસાવૃત્તિને સદાય જીવંત રાખવી જોઈએ. સદાય નવા નવા પ્રશ્નોની હારમાળા લઈને માહિતી મેળવવાની મોજ કરવી જોઈએ. ખુશ રહેવાની એક ચાવી સંબંધો પણ છે. મિત્રો, સગા, દાંપત્ય જીવન પ્રત્યેક વિભાગ માટે પૂરતો સમય ફાળવીને અમૂલ્ય આનંદ મેળવવાનો હોય છે. સંબંધ સાચવવા અને તેમાંથી ખુશી મેળવવા માટે સંબંધના છોડને પ્રેસ, સમય, ધ્યાન અને દરકારનું ખાતર પાણી નીરતા રહેવું પડે. જીમમાં જઈને વ્યાયામ, મૉર્નિંગ વોક, યોગ દ્વારા શરીર સાચવવું જરૂરી છે પણ એથીય વધુ જરૂરી છે ખુશ રહીને શરીરને તરોતાજા રાખવાની. સો વાતની એક વાત ખુદથી જ ખુલે છે ખુશીઓના ખજાનાના દ્વાર.

**ધબકાર**

થયેલી ભુલના દુઃખ કરતાં વધુ મોટી ભુલ તો એ છે કે, દુઃખને મનમાં પ્રવેશવાની તક આપવામાં આવે છે.



# ગુલાબચંદ પટેલને હિન્દી નવલેખક ટ્રૉફી-પ્રમાણપત્ર



ગાંધીનગર, તા. ૨૩

ભારત સરકારના કેન્દ્રી હિન્દી વિભાગ, માનવ વિકાસ સંસ્થાન મંત્રાલય, નવી દિલ્હી અને તેલંગણા હિન્દી અકાદમી, હૈદરાબાદના સંયુક્ત ઉપક્રમે હિન્દી નવલેખક શિબિર ઓસ્માનિયા યુનિવર્સિટી, અમેરિકન સૅન્ટર, હૈદરાબાદ ખાતે યોજાઈ હતી, જેમાં ગાંધીનગર નિવાસી સાહિત્યકાર અને વ્યસન મુક્તિ અભિયાનના પ્રણેતા ગુલાબચંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગુલાબચંદ પટેલ દ્વારા નોટબંધી વિષયે કવિતા, આગ્રા વૃતાંત અને હિન્દીમાં વાર્તાની રજૂઆત આ શિબિર અંતર્ગત કરવામાં આવી હતી. તેમને નવલેખક ટ્રૉફી, પ્રમાણપત્ર તથા તેલુગુ લેખક સુવર્ણ વિનાયક, તેલંગણા હિન્દી અકાદમી, હૈદરાબાદ સંસ્થાના પ્રમુખ મતીન અહેમદના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે ગુલાબચંદ પટેલ હિન્દીભાષા પ્રેમી છે અને હિન્દીભાષી રાજ્યોમાં હિન્દીના પ્રચાર-પ્રસાર માટે કાર્યરત છે. તેમની આ સિદ્ધિ બદલ સાહિત્ય સભા દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## વાચકોને આમંત્રણ

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી જીવન પ્રેરણા'**